આજની પ્રાર્થના....
રસવંતા ને શુદ્ધ જીવનમાં, જ્ઞાનદીપ પ્રગટાવું, પ્રભુવર તારા પરની શ્રદ્ધા, પ્રતિપળ ઉજ્જવળ રાખું.

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૪૧ | ૩૧ જુલાઈ, ૨૦૨૧, શનિવાર; અષાઢ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# સાવધાન : દેશમાં એક્ટિવ કેસ ૪ લાખને પાર

**છેલ્લા ૨૪ કલાકમાં ૪૪ હજારથી વધુ પોઝિટિવ કેસ, ૫૫૫ના મોત : કર્ણાટક, તમિલનાડુ, કેરળ, મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં કોરોનાના વધતા કેસે ચિંતા વધારી, કેરળમાં સતત ત્રીજા દિવસે ૨૨ હજારથી વધારે પોઝિટિવ કેસ : દેશમાં કુલ વેક્સિનેશનનો આંકડો ૪૫,૬૦,૩૩,૭૫૪ પર પહોંચ્યો**



ન્યુ દિલ્હી,તા.૩૦

ભારતમાં કોરોનાના નવા કેસની સંખ્યામાં પાછલા કેટલાક દિવસોથી નવા કેસમાં વધારો થઈ રહ્યો છે. કોરોનાના નવા કેસની સંખ્યામાં વધારો થવાની સાથે સાજા થનારા દર્દીઓની સંખ્યા ઘટતા એક્ટિવ કેસમાં પણ વધારો થઈ રહ્યો છે. જે એક્ટિવ કેસ ૩ લાખની અંદર આવી ગયા હતા તે ફરી ૪ લાખને પાર કરી ગયા છે. આ સાથે પાછલા કેટલાક દિવસથી નવા કેસની સંખ્યા ૪૦ હજારને પણ પાર જઈ રહી છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે ભારતમાં ભારતમાં ૨૪ કલાકમાં કોરોનાના નવા ૪૪,૨૩૦ કેસ નોંધાયા છે, જ્યારે મૃત્યુઆંક ફરી ૬૦૦ની અંદર આવી ગયો છે. દેશમાં વધુ ૪૨,૩૬૦ દર્દીઓ સાજા થતા કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા વધીને ૩,૦૭,૪૩,૯૭૨ પર પહોંચી ગઈ છે, જ્યારે કુલ સંક્રમણનો આંકડો ૩,૧૫,૭૨,૩૪૪ પર પહોંચ્યો છે. વધુ ૫૫૫ દર્દીઓના મોત સાથે કુલ મૃત્યુઆંક ૪,૨૩,૨૧૭ થઈ ગયો છે. કોરોના વાયરસના સાજા થયેલા દર્દીઓની સરખામણીમાં નવા કેસની સંખ્યામાં વધારો થતા

● અનુસંધાન પાન-૭ પર

## આસામ દ્વારા મિઝોરમની આર્થિક નાકાબંધી કરાઈ

**બે રાજ્યો આમને-સામને : બરાક ખીણમાં લોકોએ આર્થિક નાકાબંધી કરી હોવાથી મિઝોરમમાં જરૂરી વસ્તુઓનો સપ્લાય પ્રભાવિત થયો**

ઐઝવાલ, તા.૩૦

મિઝોરમ અને આસામ વચ્ચે ચાલી રહેલો બોર્ડર વિવાદ લોહીયાળ બન્યા બાદ બંને રાજ્યો આમને સામને છે.



મિઝોરમ પોલીસ અને આસામ પોલીસ વચ્ચે થયેલા ફાયરિંગમાં આસામ પોલીસના સાત જવાનોના મોત બાદ સર્જાયેલો તનાવ ઓછો થયો નથી અને બીજી તરફ આસામ દ્વારા હવે મિઝોરમની નાકા બંધી કરી દેવામાં આવી છે. આસામની બરાક ખીણમાં લોકોએ આર્થિક નાકાબંધી કરી દીધી હોવાથી મિઝોરમમાં જરૂરી વસ્તુઓનો સપ્લાય પ્રભાવિત થઈ રહ્યો છે.

જોકે મિઝોરમના સપ્લાય મિનિસ્ટર કે.કાલરિનલિયાનાએ કહ્યુ છે કે, રાજ્ય સરકારે હવે બીજા બે પાડોશી રાજ્યો પાસેથી તેલ, એલપીજી અને ચોખા જેવી વસ્તુઓ મંગાવવાનુ શરૂ કર્યુ છે. મિઝોરમની બોર્ડર મણિપુર તેમજ ત્રિપુરા સાથે પણ જોડાયેલી છે. મિઝોરમે હવે આ રાજ્યોમાંથી પેટ્રોલ ડિઝલ મંગાવવાનુ શરૂ કર્યુ છે.

મંત્રીએ કહ્યુ હતુ કે, મિઝોરમ પાસે ત્રણ મહિના ચાલે તેટલો ચોખાનો જથ્થો છે. રાજ્ય સરકાર દ્વારા આવશ્યક વસ્તુઓ માટે બીજા પાડોશી રાજ્યો સાથે વાત ચાલી રહી છે. આસામ થઈને આવતો સપ્લાય બંધ હોવા છતા રાજ્યમાં જરૂરી વસ્તુઓની અછત હોવાના અહેવાલો મળ્યા નથી.

ઉલ્લેખનીય છે કે, નેશનલ હાઈવે ૩૦૬ આસામમાંથી પસાર થાય છે અને તે મિઝોરમને આસામ થકી દેશ સાથે જોડે છે.

## સીબીએસઈ ધોરણ-૧૨નું ૯૯.૩૭% પરિણામ જાહેર

**ધો.૧૨ના લાખો વિદ્યાર્થીઓની પ્રતિક્ષાનો અંત આવ્યો : આ વર્ષે ૯૯.૬૭% વિદ્યાર્થીની અને ૯૯.૧૩% વિદ્યાર્થીઓ પાસ થયા, દિલ્હી પ્રાંતમાં ૯૯.૮૪% વિદ્યાર્થીઓ પાસ**

નવી દિલ્હી, તા.૩૦

આજે સીબીએસઈ બોર્ડના ૧૨મા ધોરણના લાખો વિદ્યાર્થીઓની પ્રતિક્ષાનો અંત આવ્યો છે. બોર્ડ દ્વારા રિઝલ્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે અને સીબીએસઈની સત્તાવાર વેબસાઈટ પર રિઝલ્ટ લિંક એક્ટિવ કરી દેવામાં આવી છે. આ વર્ષે ૧૨મા ધોરણમાં ૯૯.૩૭% વિદ્યાર્થીઓ પાસ થયા છે. આ વર્ષે ૯૯.૬૭% વિદ્યાર્થીનીઓ અને ૯૯.૧૩% વિદ્યાર્થીઓ પાસ થયા છે. દિલ્હી પ્રાંતમાં આ વર્ષે ૯૯.૮૪% વિદ્યાર્થીઓ પાસ થયા છે.

સરકારે કોરોનાની સ્થિતિને ધ્યાનમાં રાખીને આ વર્ષે સીબીએસઈ બોર્ડની ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાઓ રદ કરી દીધી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા તેની જાહેરાત કરવામાં આવી હતી. આ વખતનું રિઝલ્ટ ઈન્ટરનલ માર્કિંગ અને સીબીએસઈ દ્વારા નિર્ધારિત ફોર્મ્યુલા દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે.

સુપ્રીમ કોર્ટે ૧૨મા ધોરણનું રિઝલ્ટ જાહેર કરવા માટે ૩૧ જુલાઈ સુધીની ડેડલાઈન નક્કી કરી હતી. આ કારણે બોર્ડે ૧૦મા ધોરણની પહેલા ૧૨મા ધોરણનું પરિણામ જાહેર કરી દીધું છે. બોર્ડે એ પણ સ્પષ્ટ કરી દીધું છે કે, એક વારમાં એક જ રિઝલ્ટ જાહેર કરવામાં આવશે. આ કારણે ૧૦મા ધોરણના પરિણામની રાહ જોઈ રહેલા વિદ્યાર્થીઓએ હજુ વધારે સમય રોકાવું પડશે.

વિદ્યાર્થીઓ પોતાનું સીબીએસઈ બોર્ડ રિઝલ્ટ ડિજિલોકર, ઉમન્ગ એપ અને અન્ય પ્લેટફોર્મ પર પણ જોઈ શકશે.

## ૧૫ ઓગસ્ટના ભાષણ માટે પ્રજા પાસેથી સુચનો મંગાવાયા

**છેલ્લા કેટલાક વર્ષોની પરંપરા જાળવી રાખતા વડાપ્રધાનને પ્રજા MyGov પર સૂચનો મોકલી શકે છે, જે વિચારો સારા હશે તેને લાલ કિલ્લા પરથી લોકો સમક્ષ મૂકાશે**

નવી દિલ્હી, તા.૩૦

પીએમ મોદીએ ૧૫ ઓગસ્ટે લાલ કિલ્લા પરથી પોતાના ભાષણ માટે દેશના લોકો પાસે સૂચન માંગ્યા છે. પીએમ મોદીએ કહ્યુ હતુ કે, લોકો સ્અર્દ્દ પર પોતાના સૂચનો મોકલી શકે છે અને જે વિચારો સારા હશે તેને લાલ કિલ્લા પરથી હું દેશના લોકો સમક્ષ મુકીશ.

પીએમ મોદી છેલ્લા કેટલાક વર્ષોથી પોતાના ભાષણ માટે લોકો પાસે સૂચનો માંગતા રહ્યા છે. આ વર્ષે પણ પીએમ મોદીએ ન્યૂ ઈન્ડિયા માટે લોકો પાસે ઈનપુટ મંગાવ્યા છે. આ પૈકીના કેટલાક વિચારોને તેઓ પોતાના ભાષણમાં સામેલ કરશે. આ માટે સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા એક વેબસાઈટ પણ બનાવવમાં આવી છે.જેનુ નામ દ્વિજરંદ્વિપ્તકૃદ્ધહૈ.હ છે. આ વેબસાઈટ પર લોકો રાષ્ટ્રગીત ગાઈને રેકોર્ડ કરી શકશે. પીએમ મોદીએ દેશવાસીઓને આ કાર્યક્રમ સફળ બનાવવા માટે પણ અપીલ કરી છે.

## જમ્મુના ધાર્મિક સ્થળોને ટાર્ગેટ કરવાના ષડયંત્ર સામે એલર્ટ

જમ્મુ, તા.૩૦

આગામી ૫ ઓગષ્ટના રોજ કલમ ૩૭૦ નાબૂદીની વરસી અને સ્વતંત્રતા દિવસ પર આતંકવાદી હુમલો થઈ શકે છે. તેને ધ્યાનમાં રાખીને જમ્મુમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ગુપ્તચર એજન્સી દ્વારા મળતા ઈનપુટ પ્રમાણે આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબા આઈઈડી લગાવીને જમ્મુ શહેરમાં હુમલો કરવાની યોજના બનાવી રહ્યા છે. તેમાં ધાર્મિક સ્થળોને ટાર્ગેટમાં લેવાનું ષડયંત્ર છે.

● અનુસંધાન પાન-૭ પર

## યામાગુચીને હરાવી સિંધૂએ સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો

**ટોક્યો ઓલિમ્પિક બેડમિન્ટનમાં ભારતને મેડલની આશા : સિંધુ મેડલથી એક મેચ દૂર, ભારતીય શટલરે આવેશમાં કે પ્રેશરમાં આવ્યા વગર સિંધુએ બે સેટ જીતી લીધા**

ટોક્યો, તા.૩૦

ટોક્યો ઓલિમ્પિકમાં પણ પીવી સિંધુની જીત સાથેની આગેકૂચ યથાવત છે. સિંધુએ સળંગ બે સેટ જાપાનની અકાને યામાગુચીને હરાવીને હરાવીને જીતી લીધા છે. સિંધુની યામાગુચી સાથેની આ ક્વાર્ટર ફાઈનલ મેચ મુસાશિનો ફોરેસ્ટ પ્લાઝામાં રમાઈ હતી.

પોતાના પર સંપૂર્ણ કાબૂ રાખીને આવેશમાં કે પ્રેશરમાં આવ્યા વગર સિંધુએ બે સેટ જીતી લીધા હતા. આ જીત સાથે ભારતીય શટલર



સેમીફાઈનલમાં પહોંચી ગઈ છે. એટલે કે, હવે સિંધુ મેડલથી માત્ર એક મેચ દૂર છે.

પહેલો સેટ ગુમાવ્યા પછી બીજા સેટમાં લાંબું અંતર હોવા છતાં જાપાનની યામાગુચીએ કમબેક કર્યું હતું. એક સમયે તે ૧૫-૧૬ સાથે આગળ પણ નીકળી ગઈ હતી પરંતુ અંતમાં બીજો સેટ પણ સિંધુએ કમાલનું પ્રદર્શન કરીને જીતી લીધો હતો. બીજા સેટ દરમિયાન સિંધુ ઘણી આગળ ચાલી રહી હતી પરંતુ ૧૫-૧૬થી જાપાનની યામાગુચી આગળ નીકળીને ભારે ટક્કર આપી રહી હતી. પરંતુ આખરે સિંધુએ કંટ્રોલ રાખીને યામાગુચીને પાછળ છોડીને મેચ પર કબજો કરી લીધો છે.

મીરાબાઈ ચાનુ પછી ભારતને વધુ એક મેડલ મળવાનો છે. જેમાં લવલીના બોરગોહેનાએ પૂર્વ વર્લ્ડ ચેમ્પિયન નિયેન ચિન ચેનને હરાવીને સેમિફાઈનમાં એન્ટ્રી કરી લીધી છે. આ સાથે જ ભારતને વધુ એક મેડલ મળવાનું નિશ્ચિત થઈ ગયું છે.

### ઓલિમ્પિકમાં પુરૂષ હોકીમાં ભારતની મેડલની આશા જીવંત

ટોક્યો, તા.૩૦

ભારતીય પુરૂષ હોકી ટીમનો ટોક્યો ઓલિમ્પિકમાં દમદાર દેખાવ જારી રહ્યો હતો. તેમે પૂલના છેલ્લા મુકાબલામાં પોતાના ગ્રુપની ટોપ ટીમ જાપાનને ૫-૩થી પરાજય આપ્યો હતો. ભારત માટે ગુરજંતે બે ગોલ, જ્યારે હરમનપ્રિત સિંહ, શમશેર અને નીલકાંત શર્માએ એક-એક ગોલ કર્યા હતા. પહેલા જ ક્વાર્ટર ફાઈનલમાં એન્ટ્રી મેળવી લેનારી ટીમ ઈન્ડિયાએ મેચમાં શરૂઆતથી જ આક્રમક રમતનું પ્રદર્શન કર્યું જેના લીધે યજમાન ટીમ પર વધારાનું દબાણ બન્યું હતું.

## હિમાચલમાં ભારે વરસાદ : અનેક જગ્યાએ ભૂસ્ખલન

શિમલા,તા.૩૦

હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદ પડી રહ્યો છે અને તેના કારણે ભારે તબાહી મચી છે. ભયંકર વરસાદના કારણે ઠેર-ઠેર ભૂસ્ખલનની ઘટનાઓ બની રહી છે. અનેક રસ્તાઓ ભૂસ્ખલનના કારણે બંધ થઈ ગયા છે. આવામાં એક વિડીયો સામે આવ્યો છે. સિરમોર જિલ્લાના કામરાઉમાં ભૂસ્ખલનના કારણે નેશનલ હાઈવે નંબર ૭૦૭ બ્લોક થઈ ગયો છે. ભૂસ્ખલનની આ ઘટના વિડીયોમાં જોઈ શકાય છે. તો મંડી જિલ્લામાં પાર્કિંગમાં ઉભેલી કારો પર આખી છત પડવાથી ગાડીઓને ભારે નુકસાન થયું છે.

જાણકારી પ્રમાણે સિરમૌર જિલ્લામાં ૭૦૭ પાવટા સાહિબથી રોહડૂ જનારા રાષ્ટ્રીય ઉચ્ચ માર્ગ બડવાસની પાસે લગભગ ૫૦થી ૧૦૦ મીટર ભેખડ ધસી પડવાથી રોડ બ્લોક થઈ ગયો છે.


## ગાંધીનગરમાં સોનેરી તક

- ગાંધીનગર સેક્ટર - ૨૮ ગાર્ડન ક્રાફ્ટવીલામાં ૪૫ દુકાનો માસિક રૂ. ૭૫૦૦ થી ૧૦,૦૦૦ ભાડાથી આપવાની છે. દુકાન ભાડે રાખવા રસ ધરાવતા વ્યક્તિએ વિગતો સીલબંધ કવરમાં નીચેના એડ્રેસ પર મોકલવાનું રહેશે.
- ગાંધીનગર સેક્ટર ૨૮ ગાર્ડનમાં આવેલ પાર્ટીપ્લોટનાં સંચાલન કરવા માટેની ઓફર નીચેના સરનામાં પર સીલબંધ કવરમાં મોકલવાનું રહેશે.
- સેક્ટર ૨૮ ગાર્ડનમાં આવેલ ફુડ કોર્ટ ભાડાથી ચલાવવાની ઓફર સીલબંધ કવરમાં નીચે લખેલ સરનામાં પર મોકલવાનું રહેશે.
- સેક્ટર ૨૮ ગાર્ડનમાં આવેલ રેસ્ટોરેન્ટ ચલાવવાની ઓફર સીલબંધ કવરમાં નીચે લખેલ સરનામાં પર મોકલવાનું રહેશે.
- સેક્ટર ૨૮ ગાર્ડન ગાંધીનગર ખાતે જાહેરાત માટેનો હક્ક લેવા માટેની ઓફર સીલબંધ કવરમાં નીચેના સરનામાં પર મોકલવાનું રહેશે.

નોંધ -

૧. સ્થળ જોવા માટેનો સમય - બપોરે ૧:૦૦ થી ૫:૦૦ નો રહેશે
૨. રસ ધરાવતા વ્યક્તિએ પોતાનું નામ, સરનામું, મોબાઇલનં, ધંધાનો પ્રકાર અને ઓફરની વિગત સાથે સીલબંધ કરીને નીચે દર્શાવેલ સ્થળ મોકલવાનું રહેશે.
૩. સીલબંધ કવર નીચે દર્શાવેલ સ્થળ પર દિન -૭માં મોકલવું

- કવર મોકલવા માટેનું સ્થળ -

સેક્ટર-૨૮ ગાર્ડન, ગાંધીનગર

સંપર્ક- ૯૮૨૪૪ ૭૮૮૬૭






